PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/કવા–૦૪/૧૬–૧૭/ ૧૬૦૭ તા. ૨૭/૦૨/૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
નવનીતભાઈ ગોકળભાઈ વડાલીયા,
૭૦૨, સીતારા ટાવર,
પંચવટી મેઈન રોડ,
પંચવટી હોલ ની બાજુમા,
કાલાવડ રોડ,
રાજકોટ
મો:

**વિષય :–નવા ખેત જોડાણ ને શીફટીગ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૫/કવા–૦૪/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 01 /E/

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૫/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૨–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ નવનીતભાઈ ગોકળભાઈ વડાલીયા,ગામઃ રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે યોગેશભાઈ કેશવલાલ કામદાર પટેલ હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :એસ.જે.સોની, નાયબ ઈજનેર (ટેક), વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ ને શીફટીંગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના અગાઉ ના, ગોંડલ તાલુકા હેઠળ ના ભરૂડી ગામ ખાતે ના સર્વે નંબર મા, અગાઉ તા.૨૩–૧૨–૨૦૦૯ ના રોજ નોંધાયેલ અરજી ને, અરજદારે તેઓ શ્રી ની માલીકી ની, કોટડાસાંગાણી તાલુકા હેઠળ ના સોઢીયા ગામ ખાતે ની જમીન મા, શીફટીંગ મેળવવા માટે ની આપેલ અરજી, જે પીજીવીસીએલ તરફથી તા.૦૬–૦૧–૧૭ ના પત્ર દ્વારા નામંજુર કરાયેલ હોય, સદર બાબતે યોગ્ય કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી નવનીતભાઈ ગોકળભાઈ વડાલીયા એ, તેઓ શ્રી ના ગોંડલ તાલુકા હેઠળ ના ભરૂડી ગામ ખાતે ના સર્વે નંબર –૩૭ પૈકી ૨ મા, અગાઉ તા.૨૩–૧૨–૨૦૦૯ ના રોજ રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી અને, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ ખાતે નોંધાવેલ હતી. આ અરજી નો સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર નો ક્રમ નંબરઃ ૧૮૭૧, જે તા.૨૩–૧૨–૨૦૦૯ થી અપાયેલ છે. અને હાલ, આ અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. |
| ૨.૨ | આ દરમ્યાન, અરજદાર શ્રી એ, તેઓ શ્રી ની ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની અરજી ને, '' ગામઃ ભરૂડી ના સર્વે નંબર –૩૭ પૈકી ૨ માથી, એટલેકે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ ના કાર્યક્ષેત્ર માથી – ગામઃ સોળીયા ના ખેતીવાડી સર્વે નંબર –૩૩૮ મા, એટલેકે કોટડા સાંગાણી પેટા વિભાગીય કચેરી ના કાયક્ષેત્ર હેઠળ'' તબ્દીલી મેળવવા માટે ની, તા.૧૦–૧૨–૨૦૧૬ ના રોજ, પીજીવીસીએલ મા અરજી આપેલ છે. પરંતુ, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો બાબતે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા – બદલાયેલ પરીસ્થિતી અન્વયે નવીન ખેતીવાડી વિષયક વીજજોડાણ આપવા માટે ના માર્ગદર્શન ના – મથાળા હેઠળ ના, મુદદા નં. ''ક'' ના પેટા મુદદા નં. (૧) મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ '' ખેડુત અરજદારો – તેઓ શ્રી ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો મેળવવા માટે ની અરજીઓને, તે જ ગામ મા આવેલ અન્ય ખેતીવાડી સર્વે નંબર મા, અથવા તો, વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ ગામો મા આવેલ અન્ય ખેતીવાડી સર્વે નંબર મા, તબ્દીલી મેળવી શકે છે.'' પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની તા.૨૩–૧૨–૨૦૦૯ ના રોજ નોંધાયેલ અરજી, જે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ હેઠળ ના ગામો ના વિસ્તારો મા નોંધાયેલ છે. પરંતુ, સદર અરજી ની તબ્દીલી આ જ પેટા વિભાગીય કચેરી ના, અન્ય ગામો ના વિસ્તારો મા માંગવાને બદલે, અરજદાર શ્રી એ, કોટડાસાંગાણી પેટા વિભાગીય કચેરી હેઠળ ના ગામો મા, સદર અરજી ની તબ્દીલી માંગેલ છે. આવા કારણોસર, નિયમાધીન બાબતો ને આનુષાંગીક રહેતા, અરજદાર શ્રી ની સદર તબ્દીલી, જે પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન ગ્રાહ્ય રહેલ ન હોવા બાબતે નો, સબંધક પેટા વિભાગીય કચેરી ગોંડલ તરફથી, અરજદાર શ્રી ને તા.૧૩–૦૨–૧૭ ના રોજ નો, પત્ર ક્રમાંક : ૧૫૮૬ જે અપાયેલ છે. તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.ર૩–૧ર–ર૦૦૯ ની અરજી ને, '' ગામ: ભરૂડી ના સર્વે નંબર –૩૭ પૈકી ર માથી, એટલેકે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ ના કાર્યક્ષેત્ર માથી – ગામ: સોળીયા ના ખેતીવાડી સર્વે નંબર –૩૩૮ મા, એટલેકે કોટડા સાંગાણી પેટા વિભાગીય કચેરી ના કાયક્ષેત્ર હેઠળ'' તબ્દીલી મેળવવા માટે ની – અગાઉ પીજીવીસીએલ સમક્ષ અને હાલ ફોરમ સમક્ષ માંગણી કરેલ છે. |
| ૩.ર | સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો બાબતે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/ર૧૮૯, તા.ર૪–૧૦–૧૩ મા – "બદલાયેલ પરીસ્થિતી અન્વયે નવીન ખેતીવાડી વિષયક વીજજોડાણ આપવા માટે ના" માર્ગદર્શન ના – મથાળા હેઠળ ના, મુદદા નં. ''ક'' ના પેટા મુદદા નં. (૧) મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ '' ખેડુત અરજદારો – તેઓ શ્રી ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણો મેળવવા માટે ની અરજીઓને, તે જ ગામ મા આવેલ અન્ય ખેતીવાડી સર્વે નંબર મા, અથવા તો, વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ ગામો મા આવેલ અન્ય ખેતીવાડી સર્વે નંબર મા, તબ્દીલી મેળવી શકે છે." |
| ૩.૩ | પરંતુ – ફરીયાદી અરજદાર શ્રી ની તા.ર૩–૧ર–ર૦૦૯ ના રોજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં.–૧ ગોંડલ હેઠળ ના ગામ: ભરૂડી ખાતે ના વિસ્તારો મા નોંધાયેલ અરજી ને, આ જ પેટા વિભાગીય કચેરી ના, અન્ય ગામો ના વિસ્તારો મા, તબ્દીલી મેળવવાને બદલે – કોટડાસાંગાણી પેટા વિભાગીય કચેરી હેઠળ ના ગામ સોળીયા ખાતે ના, અન્ય ખેતીવાડી સર્વે નંબર મા – સદર અરજી ની તબ્દીલી માંગેલ છે. આવા કારણોસર, નિયમાધીન બાબતો ને આનુષાંગીક રહેતા, અરજદાર શ્રી ની સદર તબ્દીલી, જે પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન ગ્રાહય રહેલ ન હોવા બાબતે નો, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ગોંડલ તરફથી, અરજદાર શ્રી ને તા.૧૩–૦ર–૧૭ ના રોજ નો, પત્ર ક્રમાંક : ૧૫૮૬ જે અપાયેલ છે. તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો, અને તે મુજબ ની ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ : હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.ર મુજબ ની વિગતે વર્ણવેલ નિયમાધીન બાબતો અન્વયે, ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા કરાયેલ માંગણી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ર.ર મુજબ ની વિગતે માન્ય રહેલ નથી. તે બાબત ને, ફોરમ કમિટી તરફથી નિયમાધીન અંતર્ગત ની બાબતો હેઠળ માન્ય રખાયેલ છે. અને આમ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી, જે મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતો ના કારણોસર, અત્રેના ફોરમ કક્ષાએથી ગ્રાહય રહેલ નથી. જે બાબતે નો, અરજદાર શ્રી ને, આ મુજબ ની જાણકારી આપવાનો હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભામાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..